જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૯/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૦૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૧૭૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૭૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૯૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં. ૧૩૦૩/૨૦૨૫**

આનંદનગરઃ તપન નવીનચન્દ્ર શાહ (ઉ.વ.૫૬)(રહે.સુયસ–૨, ફતેહપુરા ગાર્ડન સામે, અંકુર સ્કુલ પાછળ પાલડી) એ તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તપન શાહ સેટેલાઈટ શ્યામલ ક્રોસ રોડ પાસે, ટાઈટેનીયમ સીટી સેન્ટર, ઓફીસ–જી–૫૧૨ ખાતે કવિત પોલીબાઈન્ડ પ્રા.લી. નામની કંપની ઘરાવી હોમ કેર પ્રોડક્ટ તેમજ ઘરની સાફ–સફાઈની વસ્તુઓનો ધંધો કરતા હોઈ, માહે જુન/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) કુશલ સમીર મહેતા (રહે.કૃષ્ણકુંજ–૧૪૦ વલ્લભભાઈ લેન પારસધામ ટેમ્પલ સામે ઘાટકોપર ઈસ્ટ મુંબઈ (૨) સરસસિંઘ વિજયકુમારસિંઘ ચૌવસિંઘ ચૌહાણ (રહે.રીક્કો કોલોની, સેન્ટ એન્સલમ સ્કુલ, આબુ રોડ, રાજસ્થાન) અને (૩)મોનીષભાઈ નીતીનભાઈ રાજારામ શાહ (રહે.મીસ્ટી હીલ્શ,બોમ્બે ક્રીમરી રેસ્ટેરન્ટ પાસે, બાનેર, પુના, મહારાષ્ટ્ર) એ ભેગામળી તપન શાહને ભારત સરકારના રક્ષા મંત્રાલયના ખોટા અને બનાવટી પર્ચેસ ઓડર બનાવી જેમા ખોટી સહીઓ કરી તેમજ ભારતીય રીઝર્વ બેંક ઓફ ઇંડીયાના ખોટા અને બનાવટી સીક્કો મારી, ખરીદ ઓર્ડરના નાણાં અંગેનો ચેક ઈસ્યુ કરી, દર મહીને ૧૦ લાખ સેનીટાઇઝરની બોટલો ખરીદ કરવાની લાલચ આપી, તપન શાહ પાસેથી ખરીદીનો ઓર્ડર આપવાના કમિશન પેટે કુલ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/– મેળવી લઇ, આજદિન સુધી ખરીદ ઓર્ડર નહી આપી, તેમજ આપેલ રૂપિયા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.દેસાઇ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં. ૧૩૦૪/૨૦૨૫**

મણીનગરઃ શિલ્પાબહેન વિરમભાઈ દેસાઈ (ઉ.વ.૩૫)(રહે.નારાયણનગર હરિઓમનગર વાસણા) એ તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી ૫/૪૫ વાગ્યા દરમ્યાન મણીનગર બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ બસ.નં–૦૩ ની મુસાફરી દરમ્યાન અજાણી વ્યક્તિએ શિલ્પાબહેનની નજર ચુકવી તેમના પર્સમાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૮૦,૦૦૦/– ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદભાઇ અંબાલાલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં. ૧૩૦૫/૨૦૨૫**

બાપુનગરઃ સુનિતા વા/ઓ સોનુકુમાર રાજભર (ઉ.વ.૨૪)(રહે.આનંદ ફ્લેટ પાસે, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "એચ" ડીવીજન ચલાવે છે.

નારોલઃ અતુલકુમાર પતાપભાઈ ડામોર (ઉ.વ.૨૧)(રહે.લાઠીયા પોલીમર્સ કંપની સામે, ખુલ્લા પ્લોટમાં આવેલ છાપરામાં ખજુરીયા હનુમાન પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૯/૨૦૨૫ રાતના ૯/૩૫ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છતના બીમ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સરદારસિંહ ચંદનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી